# ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ગરીબીનિવારણ

ગુજરાત વિદ્યાપીઠે યોજેલા એક પરિસંવાદનો [illegible]


સંપાદક

ડૉ. કિશોરભાઈ નાયક

મુસ્તાઅલી મસાની



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

[illegible]: ૨૪૮-

આદિવાસી સંશોધન અને તાલીમ-કેન્દ્ર પ્રકાશનમાળા પુ. ૨૫

# ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ગરીબીનિવારણ

(ગૂજરાત વિદ્યાપીઠે યોજેલા એક પરિસંવાદનો ચર્ચાસાર)

સંપાદક

ડૉ. ઠાકોરભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

પ્રકાશક
વિનોદ રેવાશંકર ત્રિપાઠી
મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

મુદ્રક
જિતેન્દ્રભાઈ ટી. દેસાઈ
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ – ૩૮૦૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, પ્રત ૧૦૦૦

કિંમત રૂ. ૬–૦૦ ફેબ્રુઆરી, ૧૯૮૮

## આમુખ

આપણા દેશમાં છેલ્લાં પાંત્રીસ વર્ષમાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં ૩.૫ ટકાનો વધારો થવા છતાં વિશ્વના અલ્પવિકસિત દેશોની જેમ ગરીબી અને બેરોજગારીની મુખ્ય સમસ્યા એકંદરે અણઉકેલી છે. દેશમાં બેકારો અને અર્ધબેકારોની સંખ્યા રોજબરોજ વધતી જાય છે. મહાત્મા ગાંધીએ બેરોજગારી અને અર્ધબેરોજગારી દૂર કરવા માટે ખાદી અને ગ્રામોદ્યોગને ચાવીરૂપ ગણ્યા હતા. શરૂઆતમાં આપણા આયોજનકારોએ આ તરફ વિશેષ ધ્યાન આપ્યું નહોતું. પરંતુ હવે ગાંધીજીની આ વાત આપણા આયોજનકારોને તેમ જ સમગ્ર વિશ્વના લોકોને વિશેષ સમજાતી જાય છે. ગુજરાત સરકારના મુખ્યમંત્રીએ તાજેતરમાં બધા સરકારી અર્ધ-સરકારી વિભાગોને ખાદી ઉપયોગ કરવાનું અનિવાર્ય કરવાનો આદેશ આપી ખાદીના વિકાસ માટે એક ઉપયોગી કદમ ભર્યું છે. રોજગારી આપવાની ખાદી અને ગ્રામોદ્યોગની શક્તિ હવે તો અર્થશાસ્ત્રીઓએ પણ નિશંક રીતે સ્વીકારી છે.

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ, મુંબઈ અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ‘ગરીબીનિવારણમાં ખાદી અને ગ્રામોદ્યોગનો ફાળો’ એ વિષય પર તા. ૧૨–૧૩ માર્ચ ૧૯૮૭ના રોજ એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં ૧૬ અભ્યાસ-લેખો રજૂ થયા હતા અને ઉપયોગી ચર્ચાઓ થઈ હતી. પ્રસ્તુત પ્રકાશનમાં પરિસંવાદમાં થયેલ વિચારણાનો નિચોડ આપવામાં આવ્યો છે.

આ પરિસંવાદનાં સૂચનો રાજ્ય સરકાર તેમ જ સંબંધિત સંસ્થાઓ, ખાદી બોર્ડ અને ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રના કાર્યકરોને ઉપયોગી નીવડશે એવી આશા છે. આ પરિસંવાદનું આયોજન અને સંચાલન પીઢ સમાજવૈજ્ઞાનિક ડૉ. ઠાકોરભાઈ નાયકે કર્યું હતું. તેમના વિશાળ જ્ઞાન અને અનુભવનો લાભ આ પરિસંવાદની વિચારણાને મળ્યો હતો. તેમને આ માટે હું અભિનંદન આપું છું અને આશા રાખું છું કે ખાદી ગ્રામોદ્યોગની ક્ષમતા વિશે તેઓ વધુ સંશોધનો પ્રગટ કરશે.

અમદાવાદ
તા. ૧–૧–૧૯૮૮

રામલાલ પરીખ
કુલનાયક

## અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| ૧. પરિસંવાદનો વિચાર-તંતુ | ૧ |
| ૨. પ્રથમ બેઠક | ૩ |
| ૩. બીજી બેઠક | ૭ |
| ૪. ભારતની જનતાની જીવનદોરી | ૧૦ |
| ૫. ચર્ચાસાર | ૧૪ |
| ૬. પરિસંવાદમાં રજૂ થયેલા અભ્યાસલેખો | ૨૦ |
| ૭. પ્રતિનિધિઓ | ૨૧ |




## ૧. પરિસંવાદનો વિચારતંતુ

ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન મુંબઈ અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આદિવાસી કેન્દ્રના સભાખંડમાં "ગરીબી નિવારણમાં ખાદી અને ગ્રામોદ્યોગનો ફાળો" એ વિષય પર તા. ૧૨-૧૩, માર્ચ, ૧૯૮૭ના રોજ એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

તા. ૧૨-૩-૧૯૮૭ના રોજ ૧૨-૦૦ કલાકે ગુજરાત રાજ્યના માજી મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પરિસંવાદના અધ્યક્ષસ્થાને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રામલાલભાઈ પરીખ હતા. પરિસંવાદની શુભ શરૂઆત શ્રી કાંતિલાલ મકવાણાએ મંગલમય પ્રાર્થના અને ભજન ગાઈને કરી હતી. પ્રાર્થના બાદ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઈ નાયકે પરિસંવાદમાં હાજર રહેલ વિવિધ ક્ષેત્રના તજજ્ઞો, સમાજશાસ્ત્રીઓ, સંશોધનકારો, કમિશન અને બોર્ડના અધિકારીઓ અને સામાજિક કાર્યકરો વગેરેને આવકારી સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું, પરિસંવાદની વિષયવસ્તુને સ્પષ્ટ કરી તેની પશ્ચાદ્ ભૂમિકા સમજાવી હતી અને પરિસંવાદના અતિથિ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલનો પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે મંગલદીપ પ્રગટાવી પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે પ્રસંગે આપેલું સળંગ મનનીય પ્રવચન પાન ૧૦થી પાન ૧૪માં છાપ્યું છે.

પ્રા. રામલાલ પરીખે અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે ખાદી અને ગરીબો વચ્ચે અવિભાજ્ય સંબંધ છે. આજે માણસના

અસ્તિત્વના સવાલનો ઉકેલ શોધવામાં અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ નિષ્ફળ ગયા છે. થોડા ભણેલા માણસો ખાદીનો મર્મ સમજે તે જરૂરી છે. ખાદી નક્કર અને વાસ્તવિક હકીકતો પર આધારિત છે. ખાદીનું સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સમજનાર ઘણા ઓછા વિદ્વાનો છે. સમાજશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓએ દેશની વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવી જોઈએ. આપણા દેશમાં મુખ્ય સવાલ ઉત્પાદનનો નથી, પરંતુ વહેંચણીનો છે. આપણે વિકાસ પહેલાં કર્યો અને પછી સમાનતાની વાત કરી. જ્યારે ચીન જેવા દેશે પહેલાં સમાનતા પર ધ્યાન આપ્યું. વિકાસની પૂર્વશરત સમાનતા છે. ઘણી વાર કેટલાક લોકો એવું કહે છે કે ખાદીમાં તો મજૂરોનું શોષણ છે, પરંતુ આપણે પોતે ગરીબોનું જે છૂપું શોષણ કરીએ છીએ તે દેખાતું નથી. ખાદી દ્વારા આજે અનેક લોકોને રોજી આપવામાં આવે છે. આમ ખાદી લાગણીનો સવાલ નથી પણ નક્કર વાસ્તવિકતા છે. ખાદી હજારો અર્ધભૂખ્યા લોકો પ્રત્યેની લાગણીનું પ્રતીક છે.

આ પરિસંવાદમાં ૧૬ લેખો (યાદી સામેલ છે) રજૂ થયા હતા. તેમાં ૪૫ જેટલા સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના અભ્યાસીઓ તથા કમિશન અને બોર્ડના અધિકારીઓએ ભાગ લીધો હતો (યાદી સામેલ છે). આ પરિસંવાદમાં ગુજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય અને સમાજ માનવશાસ્ત્રના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

પરિસંવાદની પ્રથમ બેઠક તા. ૧૨ માર્ચ, ૧૯૮૭ના રોજ બપોરે ૨ કલાકે મળી હતી. પરિસંવાદમાં જે કુલ ૧૬ અભ્યાસ લેખો રજૂ થયા હતા તેમાં નવ જેટલા લેખો ગરીબી નિવારણ અને ખાદી ગ્રામોદ્યોગ સંબંધી હતા જ્યારે પાંચ જેટલા વૈયક્તિક અભ્યાસોને લગતા હતા અને બે અભ્યાસ-લેખો આદિવાસી વિસ્તારની ખાદી ગ્રામોદ્યોગની યોજનાઓની કામગીરીના મૂલ્યાંકનને લગતા હતા.



## પ્રથમ બેઠક

પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન ગુજરાતના માજી શિક્ષણ-પ્રધાન અને ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિના અભ્યાસી અને સક્રિય કાર્યકર એવા શ્રી નવલભાઈ શાહે સંભાળ્યું હતું. પ્રથમ બેઠકમાં કુલ ૮ લેખો રજૂ થયા હતા.

શ્રી નવલભાઈ શાહે બેઠકની શરૂઆતમાં બોલતાં જણાવ્યું હતું કે, "ખાદી એ જીવન જીવવાની રીત તરીકે સ્વીકારીએ નહીં ત્યાં સુધી ખાદીનું કામ આગળ વધશે નહીં. ગાંધીજીએ ગરીબો સાથે તાદાત્મ્ય કરી તેમનું પરિવર્તન કર્યું હતું. તેઓ કહેતા કે માત્ર પૈસા આપવાથી ગરીબી દૂર ન થાય; કામ આપવાથી ગરીબી દૂર થશે. આપણે ત્યાં ઉદ્યોગોનો વિકાસ થયો છે પરંતુ એક વાત વિસરાઈ ગઈ છે કે આપણા ઉદ્યોગો પાણી છે ત્યાં વિકસે છે. મોટા ભાગના ઉદ્યોગોમાં પાણીનો વપરાશ હોય છે અને એવા ઉદ્યોગોથી પાણીનું પ્રદૂષણ પણ થાય છે. ગુજરાતમાં ૧૨ જિલ્લાઓ એવા છે જ્યાં પાણીની તીવ્ર તંગી વર્તાય છે. ત્યાં આવા ઉદ્યોગો વિકસી શકે એમ નથી. આ બધા વિસ્તારોમાં ખાદી ગ્રામોદ્યોગના ઉદ્યોગો જ ચાલી શકે.

"ગાંધીજી યંત્રના વિરોધી નહોતા પરંતુ જે યંત્રોથી માણસના મનની શક્તિ કુંઠિત થાય તેનો ગાંધીજી વિરોધ કરતા હતા. માનવીના મનની શક્તિ વિકસે એવું કરવું જોઈએ. આજકાલ નવી ટેકનોલૉજીની વાત પૂર જોશમાં ચાલે છે. પરંતુ નવી ટેકનોલૉજીના કારણે બેકારી વધે છે. આજકાલ માણસ પાસે ઉત્પાદક કામ નથી. રેંટિયો તેમને કામ આપે છે અને રોજી પૂરી પાડે છે. પણ રેંટિયો માત્ર ઉત્પાદનનું સાધન નથી; એ એક વિચારધારા છે. ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા અનેક માણસોને રોજી આપી શકાય છે અને ઓછી મૂડી દ્વારા આવા ઉદ્યોગો ચાલી શકે એમ છે. ૨૧મી સદીમાં પણ તેની જરૂર રહેશે એમાં કોઈ શંકા નથી."

પ્રથમ બેઠકમાં પ્રથમ ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ખાદી વિભાગના નિયામકશ્રી (વહીવટ) શ્રી રમેશભાઈ

**દવેએ** બોર્ડની પ્રવૃત્તિનો વિશદ પરિચય આપ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, "ગુજરાતમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ૧૯૬૦માં રચના થઈ હતી ત્યારે શરૂઆતમાં ૪૦ લાખ રૂપિયાનું ખાદીનું ઉત્પાદન થતું હતું, જે દ્વારા ૮,૦૦૦ લોકોને રોજગારી અપાતી હતી; જ્યારે આજે ૧૩ કરોડના ઉત્પાદન દ્વારા ૫૨,૦૦૦ માણસોને રોજી પૂરી પડાય છે. તેવી જ રીતે ગ્રામોદ્યોગો દ્વારા ૧૯૬૦માં ૧૦ કરોડ ૧૧ લાખ રૂપિયાના ઉત્પાદન દ્વારા ૫,૦૦૦ લોકોને રોજગારી આપવામાં આવતી હતી, તેની સામે હાલ ૩૩ કરોડના ઉત્પાદન દ્વારા ૨૫,૦૦૦ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવે છે. બોર્ડ દ્વારા દિનપ્રતિદિન રોકાણ તથા રોજગારી આપવામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે."

ગરીબીનિવારણમાં ખાદી ગ્રામોદ્યોગ કમિશનના ફાળા વિશે **શ્રી મુસ્તાઅલી મસવીએ** જણાવ્યું હતું કે, "એક બાજુ આયોજનકારો ગ્રામીણ ગરીબી દૂર કરવા પ્રયત્નશીલ છે; જ્યારે બીજી તરફ નાના અને ગૃહઉદ્યોગો માટેનાં નાણાંની ફાળવણીની ટકાવારી ઓછી થતી જાય છે. પ્રથમ પંચવર્ષીય યોજનામાં નાના અને ગ્રામોદ્યોગ પાછળ ફાળવવામાં આવેલ નાણાં કુલ યોજનાના ૨.૧ ટકા હતાં, જે ઘટીને છઠ્ઠી યોજનામાં ૧.૭ ટકા થયાં છે, જ્યારે સંગઠિત ઉદ્યોગોમાં ૨.૮ ટકા હતાં, જે વધીને ૨૦.૯ ટકા થયાં છે. કમિશન સંચાલિત કુલ ૧૬ ઉદ્યોગોમાં છેલ્લાં છ વર્ષનાં ઉત્પાદન, વેચાણ અને રોજગારીમાં એકંદરે રોજગારી, ઉત્પાદન અને વેચાણમાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે."

**ડૉ. અંબાલાલ પટેલે** ખાદી ગ્રામોદ્યોગનો ગરીબીનિવારણમાં ફાળો અને ગોબરગૅસથી ગ્રામવિકાસ નામના બે અભ્યાસલેખો રજૂ કર્યાં હતા.

ખાદી ગ્રામોદ્યોગ ગરીબીનિવારણમાં ઘણો જ ભાગ ભજવી શકે તેમ છે. ૧૯૭૨-૭૩માં ખાદી ગ્રામોદ્યોગનો વિકાસ દર ૮ ટકા હતો તે વધીને ૧૨થી ૧૬ ટકા થયો છે. ખાદી ગ્રામોદ્યોગ દ્વારા દેશની રાષ્ટ્રીય આવકના ૨૦થી ૪૦ ટકા વધારો કરી શકાય તેમ છે, છતાં પંચવર્ષીય યોજનાઓમાં ૧૯૮૪-૮૫માં



ખાદી ગ્રામોદ્યોગ માટે ૧૩૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા તે ૧૯૮૫-૮૬માં ૧૧૪ કરોડ, ૧૯૮૬-૮૭માં વધુ ઘટાડીને ૧૦૦ કરોડ કરવામાં આવ્યા છે. આમ સરકારે મોટા ઉદ્યોગોની સરખામણીમાં નાના અને ગ્રામોદ્યોગ માટે વધારે રકમ ફાળવવી જોઈએ, જેથી ગરીબી ઘટે, રોજગારી વધે, ગામડાં તૂટે નહીં અને શહેરીકરણનો વિસ્ફોટ થાય નહીં.

ઊર્જાનો પ્રશ્ન ઉકેલવા માટે ગોબરગૅસ પ્લાન્ટ અગત્યનું સ્થાન ધરાવે છે. તેના દ્વારા ખેડૂતને ૧ પશુના ઉપયોગમાંથી ખાતર, ગૅસ મેળવી ખેતઉત્પાદનનો વધારો, ઓછું નિંદામણ, વાસણ, ધોળામણમાં બચત મળી વાર્ષિક રૂપિયા ૧,૦૦૦નો ફાયદો થાય તેમ છે. ગોબરગૅસમાં નડતી મુશ્કેલીઓ નિવારવા તાંત્રિક સેવાઓ આપવી તથા લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. ગોબરગૅસથી રોજગારી, સફાઈ વધે, બહેનોનું આરોગ્ય સુધરે, જંગલનો નાશ થતો અટકે તથા ખેત-ઉત્પાદનનો જંગી વધારો થાય એ મોટી શક્યતા છે. દેશમાં ઉપલબ્ધ પશુ તથા માનવમળમૂત્રનો ગોબરગૅસ પ્લાન્ટના ઉપયોગથી વાર્ષિક ૨૩૦ અબજ રૂપિયાનો ફાયદો થઈ શકે. તેના દ્વારા અસ્પૃશ્યતા જેવી સામાજિક બદીની નાબૂદી તથા ભંગી કષ્ટમુક્તિને પ્રેરી શકાય તેમ છે.

વેડછી પ્રદેશ સેવા સમિતિના સંચાલક અને ખાદીપ્રચાર કાર્યકર શ્રી **દિનુભાઈ પારેખે** ખાદીકામનો વિસ્તારથી ખ્યાલ આપી જણાવ્યું કે કાંતણ, વણાટ અને ગ્રામોદ્યોગનાં સાધનોમાં થયેલા સુધારાથી તથા અપનાવાયેલી નવી ટેકનિકથી રોજગારી વધી શકે તેમ છે, એટલે રોજગારી ગરીબીનિવારણમાં આ ઉદ્યોગો અગત્યનો ફાળો આપી શકે એ નક્કી છે. પરંતુ આ ઉદ્યોગોને માત્ર આર્થિક દૃષ્ટિએ ન જોતાં તાલુકાનું કે જિલ્લાનું બેરોજગારીનું આયોજન કરી તેમને ક્યાં કામો કરવાં અનુકૂળ છે તે વિચારીને ગામડાંમાં સામાજિક આયોજનપૂર્વક કામો ગોઠવવાં જોઈએ. સાથે સાથે સરકારની વિકાસયોજનાઓનો પણ લાભ લઈ ગરીબ કુટુંબોને તે યોજનામાં સામેલ કરવાં જોઈએ.

**નંદિનીબહેન જોષીએ** ખાદી ગ્રામોદ્યોગના સ્વાનુભવો ટાંકી કહ્યું કે રેંટિયો સ્વરોજગારી માટે ઉત્તમ સાધન છે, એટલું જ નહીં પણ એ દ્વારા પૂરક આવક કે જેમાંથી કુટુંબનો નિર્વાહ થઈ શકે તેવી ક્ષમતા છે. તેમને સહાયની એકરૂપતા ન હોવાને કારણે કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. સરકારના સમાજકલ્યાણ ખાતા દ્વારા સીવણ મશીન માટે ૭૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. જ્યારે અંબર ચરખાની સહાય ૩૦૦ રૂપિયા અપાય છે. તે વાત લોકોએ જાણી ત્યારે તેમણે ૭૫૦ રૂપિયાની સબસિડી મેળવવા સીવણકામ ન જાણતા હોવા છતાં સીવણ મશીનની માગણી કરી. આમ સરકારે સહાયની નીતિ નક્કી કરતી વખતે ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને અપાતી સહાયના આંકને પુનઃ નિર્મિત કરવો જોઈએ તથા સબસિડીનો અભિગમ બદલવાનું ધ્યાનમાં રાખવું જોઈએ.

ગુજરાત રાજ્યના **સમાજકલ્યાણ ખાતાના નિયામકશ્રીએ** જણાવ્યું કે સમાજ કલ્યાણ ખાતા દ્વારા જુદા જુદા ગ્રામોદ્યોગ માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને સહાય આપવામાં આવે છે. સમાજકલ્યાણ ખાતા દ્વારા સ્વયં રોજગારી માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે. પહેલાં સ્વયંરોજગાર માટે રૂ. ૭૫૦ની મર્યાદામાં સહાય આપવામાં આવતી હતી તે વધારીને હવે રૂ. ૩,૦૦૦ની મર્યાદામાં રહીને ૩૩ ટકા સહાય આપવામાં આવે છે. ભંગી, સેનમા જાતિના લોકોને સ્વરોજગાર માટે રૂ. ૫,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે.

**શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાયે** "ગુજરાત રાજ્યમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની કામગીરીનાં કેટલાંક પાસાં" પર અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે તેમના લેખમાં બતાવ્યું હતું કે ખાદી ગ્રામોદ્યોગની યોજનાઓ દ્વારા બહેનોને વધુ ને વધુ રોજગારી આપી શકાય. તેમણે એવું દર્શાવેલ કે ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ મોટા ભાગે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થાય છે. અને તેથી રોજગારીની તકો વધુ મળી રહે છે.



**શ્રી ગિરીશ ભટ્ટે** "ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ધરમપુરના તલાટ વિસ્તારના આદિવાસીઓની ગરીબી દૂર કરવા અંગે કેટલાંક પાસાં" પર અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે જણાવેલ કે મોટા ઉદ્યોગો કરતાં વિકેન્દ્રિત ઉદ્યોગો દ્વારા વધુ માણસોને રોજગારી મળે છે. તેમણે જણાવેલ કે ગ્રામોદ્યોગના ધંધામાં રોકાયેલ વ્યક્તિઓને સમયસર ધિરાણ મળતું નથી તેમ જ કાચો માલ સમયસર મળતો નથી તેથી આવા ધંધાનો વિકાસ જલદી થઈ શકતો નથી.

## બીજી બેઠક

બીજી બેઠક તા. ૧૬-૩-'૮૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે મળી હતી અને આ બેઠકના અધ્યક્ષસ્થાને કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયક હતા. આ બેઠકમાં કુલ આઠ અભ્યાસલેખોનું વાચન થયું હતું.

શ્રી અરુણભાઈ પટેલે આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ યોજનાની કામગીરીના મૂલ્યાંકન અંગે અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે લેખમાં એવું ફલિત કરી બતાવ્યું હતું કે ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ કરતા લાભાર્થીઓની આવક વધી છે. તેમણે બતાવ્યું હતું કે કતાઈ, વણાટકામ અને વાંસકામ કરતાં કુટુંઓની આવક વધી છે છતાં તે આવક ગરીબી રેખાથી નીચે છે. તેમણે બતાવ્યું હતું કે કેટલાક ઉદ્યોગો જેવા કે હાથછડ, તેલઘાણી, મસાલા જેવા ઉદ્યોગો કાચા માલની અછતને લીધે બંધ પડી ગયા છે.

શ્રીમતી કોકિલાબહેન શાહે ગ્રામોદ્યોગમાં નિયોજનની સમસ્યા પર લેખ રજૂ કર્યો હતો. તેમણે દર્શાવેલ કે જાહેર ક્ષેત્રમાં ફાળવેલ રકમ કરતાં ખાદી અને ગ્રામોદ્યોગ માટે ફાળવેલ નાણાં ઘણાં જ ઓછાં છે. ગ્રામોદ્યોગના બે અગત્યના પ્રાણપ્રશ્નો છે: (૧) વેચાણવ્યવસ્થા (૨) ટેકનોલૉજી — આ બન્ને પાસાં પર ખાસ ધ્યાન આપવું પડશે. તો જ રોજગારી વધારી શકાશે.

ભારતીબહેન દેસાઈએ હાથકાગળ ઉદ્યોગ વિશે અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે તેમના અભ્યાસલેખમાં જણાવ્યું.

છે કે આ ઉદ્યોગની વધુ રોજગારી આપવાની ક્ષમતા ન હોવાથી રોજગારી વધતી નથી. બીજું, જો ઉત્પાદનની પદ્ધતિમાં સુધારો થાય તોપણ કિંમત, વેચાણ અને રોજગારીનાં વલણો આમાંથી મળતી રોજગારીમાં વધારો કરી શકે એવાં નથી.

શ્રી કાન્તિલાલ મકવાણાએ "માટી ઉદ્યોગ સહકારી મંડળીનો અભ્યાસ" વિષય પર અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે લેખમાં જણાવેલ કે ખાદી ઉદ્યોગની મંડળી થવાથી તેના સભ્યોને સરળતાથી લોન મળે છે. તેમની વાર્ષિક આવક સારી થઈ છે. માટી કામની મંડળીને લીધે તેમની આર્થિક સ્થિતિ સુધરી છે. મંડળીને લીધે કાચો માલ અને બજાર વગેરે સહેલાઇથી મળી રહે છે.

શ્રી હસમુખભા પરમારે ચર્મોદ્યોગ પર અભ્યાસલેખ રજૂ કર્યો હતો. તેમણે તેમના લેખમાં દર્શાવ્યું હતું કે ચર્મોદ્યોગ અનુસૂચિત જાતિના લોકોનો પરંપરાગત ધંધો છે. એ વેરવિખેર અવસ્થામાં છે. તેને વિકસાવવા માટે ગામડાંથી મોટાં શહેરો સુધીની એક કડી ઊભી કરવી જોઈએ. તેમના અભ્યાસમાં જણાવાયું છે કે ચર્મોદ્યોગને લીધે લાભાર્થીઓની આવક વધી છે. પહેલાં લાભાર્થીઓની વાર્ષિક આવક રૂ. ૧,૦૦૦ જેટલી હતી તે વધીને રૂ. ૨૬,૦૦ જેટલી થઈ છે.

શ્રી હર્ષિદાબહેન દવેએ હાથસાળ યોજના વિશે લેખ રજૂ કર્યો હતો. તેમણે જણાવેલ કે હાથસાળ ઉદ્યોગ એ પરંપરાગત ઉદ્યોગ છે. શાળોની સંખ્યામાં ઘટાડો નોંધાતો રહ્યો છે એમ છેલ્લાં પાંચ વર્ષના આંકડાઓ પરથી સિદ્ધ થાય છે. ગુજરાતમાં હાથસાળનો ઉદ્યોગ લગભગ પડી ભાંગ્યો છે. તેને ફરીથી જીવંત કરવો જોઈએ.

શ્રી નિરંજનાબહેન પટેલે મહિલા ઉદ્યોગ દ્વારા રોજગારી વિશે અભ્યાસલેખ રજૂ કરતાં જણાવ્યું હતું કે પાપડના ઉદ્યોગથી મહિલાઓને સારી એવી રોજગારી મળે છે. આ દિશામાં વધુ ને વધુ પ્રયત્નો કરવા જોઈએ.



સરદાર પટેલ સંશોધન સંસ્થાનના પ્રાધ્યાપક શ્રી ગોકુલભાઈ પરીખે ગુજરાતમાં ખાદી અને ગ્રામોદ્યોગથી રોજગારીની તકો વિશેના તેમના અભ્યાસલેખમાં જણાવ્યું હતું કે ખાદી ગ્રામોદ્યોગ ૫૦ હજાર માણસોને કામ આપે છે. ૧૯૮૫-૮૬ના અરસામાં ૨૫,૦૦૦ માણસોને કામ આપ્યું હતું. જ્યારે સાતમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં રાજ્યમાં ૧.૬૪ લાખ બેકારો અને ૬.૩૨ લાખ અર્ધ બેકારોની સંખ્યા છે ત્યારે ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ૭૫,૦૦૦ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં આવશે એ ઘણી સારી બાબત છે. પરંતુ ખાદી ગ્રામોદ્યોગ દ્વારા જેમને રોજગારી આપવામાં આવે છે તેમનું દૈનિક વેતન ઘણું જ ઓછું છે. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સાથે સંકળાયેલ સંસ્થાઓ જે ખાદી બોર્ડની પ્રવૃત્તિઓ ચલાવે છે તેમને આવી પ્રવૃત્તિ માટે જોઈતું માર્ગદર્શન, તથા ટેકનિકલ સલાહ આપવામાં આવતાં નથી. તેમના દ્વારા અમલી બનેલ યોજનાઓનું મૂલ્યાંકન પણ કરવામાં આવતું નથી.

પ્રાધ્યાપક શ્રી અરવિંદભાઈ શાહે "ગ્રામ સમુદાયોમાં બેરોજગારી નિવારણમાં ગ્રામોદ્યોગનું મહત્ત્વ" વિશે અભ્યાસલેખ રજૂ કરતાં જણાવ્યું હતું કે, આપણી પંચવર્ષીય યોજનાઓમાં ભારે ઉદ્યોગો પાછળ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કર્યું હોવા છતાં ઘણા ઓછા લોકોને રોજગારી આપી શકાય છે. ભારતમાં બેરોજગારીની સમસ્યા હલ કરવી હશે તો માત્ર ઔપચારિક વિભાગને ધ્યાનમાં લેવાથી ચાલશે નહીં. અનૌપચારિક વિભાગમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં ઓછા મૂડીરોકાણને આધારે વધુ રોજગારી આપી શકાય તે બાબત વધુ ધ્યાન આપવું પડશે. આ માટે મહાત્મા ગાંધીજીએ સૂચવેલ ખાદી અને ગ્રામોદ્યોગના અભિગમને અપનાવવો જોઈએ. સ્વાતંત્ર્ય બાદ ભારતમાં શહેરીકરણ વધ્યું છે, અને તેને પરિણામે ગામડાંના લોકો ગામડાથી શહેર તરફ રોજગારી માટે સ્થળાંતર કરે છે. આને પરિણામે કુટુંબ-વિઘટન, ગંદા વસવાટ અને વૈયક્તિક વિઘટનની સમસ્યાઓ વધે છે. જો ગામડાંના લોકોને કામ આપી સ્વંયનિર્ભર બનાવી શકાય તો શહેરો તરફનું આકર્ષણ ઘટશે; પરિણામે ગ્રામસમુદાય મજબૂત બનશે.

## ૨. ભારતની જનતાની જીવનદોરી

(શ્રી બાબુભાઈ જ. પટેલનું અભ્યાસપૂર્ણ ઉદ્‌ઘાટન પ્રવચન)

આજે દુનિયા ઝડપથી આગળ વધી રહી છે ત્યારે હાથથી પૂણી બનાવવી, ચરખો ચલાવવો વગેરે આ જમાનામાં શોભતું નથી એવું કેટલાક લોકો માને છે. પરંતુ ગાંધીજીએ ખાદીને એક રચનાત્મક પ્રવૃત્તિ તરીકે સમજાવતાં કહ્યું હતું કે, મારા વિચારો હું કહું છું તે માટે ન સ્વીકારશો, તમને ગળે ઊતરે તો જ સ્વીકારશો. મારા માટે દારૂબંધી એ હિંદુસ્તાનના લોકોને જિવાડવા માટે અગત્યનું છે. દારૂથી ગરીબો પાયમાલ થાય છે તેથી દારૂબંધી આવશ્યક છે. ૨૦ વર્ષ પહેલાં આંધ્રપ્રદેશના એક ગામડામાં એક ડોસી હાથથી ખાદી કાંતતાં હતાં ત્યારે તેમને તેમણે પૂછ્યું કે આ તમે શા માટે કાંતો છો? ડોસીમાએ પ્રત્યુત્તર વાળ્યો હતો કે ખાદીમાં મારો રોટલો છે. આજે હિન્દુસ્તાનમાં ૫૦ ટકા કરતાં વધુ લોકો ગરીબીની રેખા નીચે જીવન જીવે છે. તેમને કામ જોઈએ છે. આજે હિન્દુસ્તાનમાં જે લોકો શિક્ષિત છે, સરકારી નોકરીઓમાં અને કેટલાક મિલમજૂરો છે તેઓ સુખી લોકો છે. બાકી મોટા ભાગના લોકો ગરીબીની દશામાં જીવન જીવે છે. હિન્દુસ્તાનનું વાસ્તવ દર્શન કરવાની જરૂર છે. આપણા દેશમાં આજે સમાજરચના એવા પ્રકારની ગોઠવાઈ ગઈ છે કે સૌથી ઓછી મહેનત કરનારને વધુ મળે છે, જ્યારે વધારે મહેનત કરનારને ઓછું મળે છે. ભારતની કુલ વસ્તીમાંથી ૪૨ ટકા ખેતી, ૨૫ ટકા ખેતમજૂરી, ૧૮ ટકા સંગઠિત ઉદ્યોગોમાં અને ૧૫ ટકા વેપાર-ધંધામાં રોકાયેલા છે. કુલ ઉત્પાદનમાં જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલ સમૂહનો હિસ્સો તપાસીએ તો ૬૭ ટકા લોકોને ભાગે ૧૪ ટકા આવક, ૧૮ ટકાના ભાગે ૩૯ ટકા અને ૧૫ ટકાના ભાગે ૨૭ ટકા હિસ્સો આવે છે. આજે આપણા દેશમાં વિચિત્ર પરિસ્થિતિ જોવા મળે છે. દેશના મોટા ભાગનાં કુટુંબોની વાર્ષિક આવક રૂ ૧,૭૦૦ જેટલી છે. આમ માથાદીઠ દૈનિક રૂ ૦.૯૨



પૈસા આવક છે. જે લોકો દૈનિક રૂ. ૫૦ કમાય છે તે લોકો આંદોલન કરે છે. આ એક વિચિત્ર ઘટના છે. જો દેશનો વિકાસ કરવો હશે તો ઉત્પાદન વધારવું પડશે, રોજગારી વધારવી પડશે. આમ બેરોજગારી અને ગરીબીનિવારણમાં ખાદી આવશ્યક છે. ખાદી જીવનદોરીનો સવાલ છે, ઘેલછા અને ગાંડપણ નથી.

આપણા દેશમાં બેકારોનું પ્રમાણ ઘણું જ મોટું છે. યોજનાની શરૂઆતમાં ૩૪ લાખ લોકો બેકાર હતા અને આજે ૪ કરોડ ૨૬ લાખ લોકો બેકાર છે. બીજા દેશોમાં બેકારોને બેકારી ભથ્થું આપી શકાય છે, જે આપણે ત્યાં શક્ય નથી. સરકાર મોટા ઉદ્યોગોને રક્ષણ આપે છે તો આવા મહત્ત્વના ખાદી ગ્રામોદ્યોગને પૂરતી મદદ અને રક્ષણ આપવું તે લોકશાહી સરકારની ફરજ થઈ પડે છે.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા દેશની સરેરાશ રાષ્ટ્રીય આવકમાં વધારો કરી શકાય છે અને વધુમાં આર્થિક સમાનતા, રોજગારી અને ગરીબોની ખરીદશક્તિમાં વધારો કરે છે. આ ઉદ્યોગોમાં દેશના સામાન્ય લોકો પાસે જે બુદ્ધિ-કૌશલ છે તેની ગુણવત્તા સુધારી શકાય છે તે આપણો અનુભવ છે.

ગાંધીજીના ઘણા વિચારો સાથે જવાહરલાલજી સંમત ન હતા છતાં ખાદીનું મહત્ત્વ એમણે પણ સ્વીકાર્યું હતું. ઝડપી ઔદ્યોગીકરણમાં એ માનતા હતા છતાં એમને દેખાયું કે ખાદી પાછળની શ્રમની પ્રતિષ્ઠા અને સાધનાની ભાવનાનો સ્વીકાર ન કરીએ તો ભારતની ગરીબી અને બેરોજગારી એકલા મોટા ઉદ્યોગોથી દૂર થઈ શકશે નહીં. તેથી ખાદી ગ્રામોદ્યોગને ઉત્તેજન આપવાની દૃષ્ટિથી એમણે યોજનાકીય વિકાસના ભાગ તરીકે રાષ્ટ્રકક્ષાએ ખાદી ગ્રામોદ્યોગ કમિશન અને રાજ્ય સ્તર પર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની સ્થાપના કરી હતી.

ભારતમાં આજે ૮૭૫ જેટલી મિલો ૮ લાખ લોકોને રોજી આપે છે. ખાદીકામ દ્વારા ૧૩ લાખ લોકોને રોજી મળે

છે. ભારતમાં કુલ ૯૪૨ કરોડ મીટર જેટલા કાપડના ઉત્પાદનમાં ૧૫ કરોડ મીટર જેટલું ખાદીનું ઉત્પાદન છે. ગ્રામોદ્યોગ ૨૩ લાખને રોજી આપે છે. આમ ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા કુલ ૩૬ લાખ માણસોને રોજી મળે છે તે જેવું તેવું ન ગણાય. સાથેસાથ મહત્ત્વની વાત તો એ છે કે ખાદીના આ કામમાં ૪૫ ટકા સ્ત્રીઓ રોકાયેલી છે. મોટા ઉદ્યોગની રોજગારી પૂરી પાડવાની શક્તિ મર્યાદિત છે. ઈ. સ. ૧૯૦૧માં મોટા ઉદ્યોગમાં કામ કરનારા ૧૨.૬ ટકા હતા તે ઘટીને ૧૯૮૧માં ૧૧.૩ ટકા છે. ૧૯૦૧માં ખેતી પર ૭૦ ટકા લોકો નભતા હતા તે ૧૯૮૧માં પણ ૭૦ ટકા જ રહ્યા છે. ૧૯૫૧થી ૧૯૮૧ વચ્ચેના યોજનાકીય ગાળામાં કામ શોધનારા ૭ કરોડ એક લાખ થયા તે પૈકી ૨૭ લાખ એટલે કે ૩.૫.ટકાથી થોડા વધુને જ મોટા ઉદ્યોગમાં સમાવી શકાયા. મોટા ઉદ્યોગમાં ૧૭.૫ ટકા મૂડીરોકાણ સામે માત્ર ૩.૫ ટકાને રોજી મળી. જ્યારે એ જ સમયગાળામાં ખેતીમાં ૨૧.૭ ટકા મૂડીરોકાણ થયું જેણે ૬૨.૫ ટકા લોકોનો સમાવેશ કર્યો. ઉદ્યોગમાં જેમ જેમ યાંત્રીકરણ આવતું ગયું તેમ તેમ ઉદ્યોગોમાં રોજગારી ઘટવા માંડી. આપણા દેશની મોટી સમસ્યા ગરીબી અને બેરોજગારીની છે. ભારતનો પ્રયત્ન હંમેશાં ઓછા મૂડીરોકાણે વધુ રોજી મળે તેવો હોવો જોઈએ. કારણ કે દર વરસે નવા ૮૦ લાખ લોકો રોજગારી શોધનારા પેદા થાય છે.

૧૯૫૦–૫૧થી ૧૯૮૧–૮૨ દરમિયાન રૂ. ૨૫,૪૯૯ કરોડનું એટલે કે યોજનાકીય ખર્ચના ૨૧ ટકા જેટલું મૂડીરોકાણ મોટા ઉદ્યોગમાં થયું અને આજે તેમાં માત્ર ૬૦ લાખ લોકોને રોજી મળી છે, જ્યારે નાના વિકેન્દ્રિત ઉદ્યોગોમાં એ જ ગાળામાં ૨૨૮૨ કરોડ એટલે કે યોજનાકીય ખર્ચના માત્ર ૨ ટકા જોગવાઈ થઈ છતાં ૫૦ લાખ માણસોને રોજી મળી છે.

૩૦ હજાર કરોડ જેટલા મૂડીરોકાણ પછી જાહેર સાહસોમાં ૧૫ લાખ લોકોને રોજી મળે એટલે કે વ્યક્તિદીઠ ૨



લાખનું મૂડીરોકાણ થયું. હલદિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના અહેવાલ પ્રમાણે ૫૦૦ કરોડના ખર્ચે ૫૦૦૦ વ્યક્તિને રોજી એટલે વ્યક્તિદીઠ રૂ. ૫૦ લાખ મૂડીરોકાણ થયું. ભારત જેવા અસાધારણ ગરીબીમાં સબડતા દેશે ભારે મૂડીરોકાણ દ્વારા થોડી વ્યક્તિઓને ઊંચાં વેતન આપવાની યોજનાને બદલે ઓછા મૂડીરોકાણે ઘણાને આછીપાતળી રોજી મળે તેવાં પગલાં વિચારવાં જોઈએ. નાના ઉદ્યોગમાં વ્યક્તિદીઠ ૨૫ હજારનું અને ખાદી ગ્રામોદ્યોગમાં બે હજારનું મૂડીરોકાણ જોઈએ છે.

૧૮ મે, ૧૯૮૪ના રોજ ખાદીગ્રામોદ્યોગની સંસ્થાઓનું મહત્ત્વ સ્વીકારતાં ભારતના ઉદ્યોગ મંત્રીશ્રી એન. ડી. તિવારીએ જણાવ્યું હતું કે નવા ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં ખાદી ગ્રામોદ્યોગને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. પંચવર્ષીય યોજનામાં નાણાંકીય જોગવાઈ ૪૮ કરોડથી વધારીને ૫૨૪ કરોડ કરવામાં આવી છે, પરંતુ ૧૯૮૪–૮૫માં તે ૧૩૯ કરોડ રૂપિયા હતી જે ઘટીને ૧૯૮૫–૮૬માં ૧૧૪ કરોડ અને ૧૯૮૬–૮૭માં વળી પાછો કાપ મૂકતાં ૧૦૦ કરોડ કરાઈ હતી.

ખાદી ગ્રામોદ્યોગનો વિકાસ એ ભારતમાં ગરીબી, બેરોજગારી અને અસમાનતા હળવી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ છે. આજે ગુજરાતમાં દોઢ કરોડ વસતી શહેરો અને ગામડાંમાં ગરીબીની રેખા નીચે જીવે છે. ભારત સરકાર પણ દેશમાં આ પ્રમાણ ૩૭ ટકા એટલે કે ૨૮ કરોડ હોવાનું સ્વીકારે છે. ૧૯૮૦માં દેશમાં ૧ કરોડ ૧૩ લાખ બેરોજગાર હતા. તે હવે લગભગ સવા ચાર કરોડ થયા છે. આ બધા સંદર્ભમાં મોટા અથવા ખર્ચાળ ઉદ્યોગોને મૂલવવા જોઈએ. આપણે ત્યાં ૧ કરોડ પરિવાર ઝૂંપડપટ્ટીમાં વસે છે, આ પરિસ્થિતિમાં નાના પાયાનું ઉત્પાદન વ્યવહારુ છે.

ગાંધીવિચારની પાયાની વાતોનો અસ્વીકાર ભારત પોતાના અસ્તિત્વના જોખમે જ કરી શકે. આ વિચાર નવીનતમ છે.

પ્રાંતવાદ, કોમવાદ, ભાષાવાદ, ભણેલાની બેરોજગારી, અમર્યાદ મોજશોખ, સત્તા અને સંપત્તિના કેન્દ્રીકરણનાં દુષ્પરિણામો આપણે રોજ જોઈએ છીએ. ગાંધીજી પાસે આપણા કોઈ પણ અગ્રણી કરતાં ભારતનું સ્પષ્ટ દર્શન હતું. ગાંધીજી સમાજ સાથે સમરસ હતા, એટલે એમના ખાદી – ગ્રામોદ્યોગના અને અન્ય વિચારો આપણે જેટલા ઝીલીશું એટલો આપણને લાભ છે. ખાદી અને ગ્રામોદ્યોગ ભારતની જનતાની જીવનદોરી છે. વિધિની વિચિત્રતા તો એ છે કે ચીન આજે મહાત્મા ગાંધીના માર્ગનો અમલ કરે છે; ચીનમાં ૭૦ લાખ ગૅસ પ્લાન્ટ છે, જ્યારે ભારતમાં ૬ લાખ છે. આમ રોજગારીના સવાલનો જવાબ ખાદીમાં છે. ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા માણસને જીવતો રાખી શકાય છે.

### ૩. ચર્ચાસાર

૧. ખાદી અને ગ્રામોદ્યોગ ગરીબીનિવારણમાં અગત્યનો ફાળો આપી શકે તેમ છે. તે પૂર્ણ રોજગારી અને પૂરક રોજગારી બંને આપે છે. ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને આર્થિક વિકાસનાં કાર્યોમાં ઉત્તરોત્તર પ્રાધાન્ય આપવું જોઈએ.

૨. સરકાર દ્વારા ગ્રામોદ્યોગોની યોજનાઓનું વિવિધ એજન્સીઓ દ્વારા અમલીકરણ થાય છે. ગ્રામોદ્યોગની દરેક યોજના ફક્ત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જ અમલી બને તેવી રીતે તેનું કાર્યક્ષેત્ર નક્કી થવું જોઈએ, જેથી યોજનાના અમલીકરણમાં સાતત્ય જળવાય અને તે વધુ પરિણામલક્ષી બને.

૩. ખાદી અને ગ્રામોદ્યોગની કેટલીક યોજનાઓની એકમ કિંમત (યુનિટ કૉસ્ટ) એકસરખી નક્કી થાય છે. તેમ ન થતાં જે તે ઉદ્યોગની પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી એકમ દર નક્કી કરવા જોઈએ. કેટલીક યોજનાઓના લાભ મેળવવામાં સહકારી મંડળીનો આગ્રહ રાખવામાં આવે છે, જે સ્થાનિક સ્થિતિ તથા ઉદ્યોગના સ્વરૂપને કારણે શક્ય બનતું નથી. તેવા સંજોગોમાં વ્યક્તિગત ધોરણે પણ ખાસ યોજના અંતર્ગત સહાય મળે તેવી જોગવાઈ થવી જોઈએ.



૪. ગોબર ગૅસ પ્લાન્ટો સારી રીતે ચાલે તે માટે તે અંગેની તાલીમ આપી તેના અનુસરણની કામગીરી હાથ ધરવી જોઈએ. ગોબર ગૅસની સફળતામાં આવતા અંતરાયોમાં સામાજિક ચેતનાનો અભાવ જણાયો છે. તે માટે એટલે કે તેને અપનાવવા માટે લોકશિક્ષણ દ્વારા તેના લાભાલાભોથી આમજનતાને પરિચિત કરી વાતાવરણ ઊભું કરવાના કાર્યને પ્રોત્સાહન આપવું જોઈએ. જે જે વિસ્તારોમાં રહેઠાણની સ્થિતિને લઈ ગોબર ગૅસ વ્યક્તિગત ધોરણે શક્ય ન હોય ત્યાં સામૂહિક ગોબર ગૅસને પ્રોત્સાહન આપવું જોઈએ. ગુજરાતમાં કુબડથલ અને કેસોરમાં આવા સામૂહિક ગોબર ગૅસનો કાર્યક્રમ સફળ થયો છે.

૫. આયોજનનું એકમ ગામડું ગણી ત્યાંથી જ ગરીબીનાબૂદીની શરૂઆત કરવી જોઈએ. ગામની મોજણી કરી ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને ખાદી અને ગ્રામોદ્યોગનાં કામો સ્થાનિક કક્ષાએ અપાય તેવી યોજનાઓ વિચારવી જોઈએ. યોજનાઓ ઘડતી વખતે જે યોજનાઓ દ્વારા તેમને સીધો લાભ મળે તેવી યોજનાઓને પ્રાધાન્ય આપવું જોઈએ.

૬. આજના સુધારેલા ખાદી ગ્રામોદ્યોગમાં સ્વયં રોજગારીનાં કામો દ્વારા પરિશ્રમ કરી લોકો રોજી મેળવી શકે છે. તેનો પ્રચાર વર્તમાનપત્રો, રેડિયો, ટી.વી. કે અન્ય પ્રચારમાધ્યમો દ્વારા થવો જોઈએ. કુટુંબકલ્યાણના પ્રચારની જેમ વ્યાપક અને વ્યવસ્થિત રીતે આવો પ્રચાર કરવો જોઈએ. ગરીબીનાબૂદી માટે ગામના જિલ્લાકક્ષાએ ખાદીના કામનું આયોજન થવું જોઈએ; જેમ કે –

૧. અંબર ચરખા અને વણાટ ગ્રામકક્ષાએ,

૨. બ્લૉકરૂમ અનેપૂણી બનાવવાનું કાર્યતાલુકા કક્ષાએ અને

૩. ધોલાઈ, રંગ, છપાઈનું કામ જિલ્લાકક્ષાએ ગોઠવવું જોઈએ.

ગામ, તાલુકા કે જિલ્લાકક્ષાએ ખાદી અને ગ્રામોદ્યોગના કયા કામથી કેટલા માણસોને કામ આપી શકાય એમ છે તેની વિગતવાર માહિતી મેળવી આયોજન કરવું જોઈએ.

૭. ખાદી અને ગ્રામોદ્યોગના કાર્યક્રમો જે તે વિસ્તારની સ્થિતિને ધ્યાનમાં લઈ શરૂ કરવા જોઈએ. જે વિસ્તારમાં કાચો માલ સહેલાઈથી ઉપલબ્ધ હોય ત્યાં એનો વધુ વિકાસ કરવો જોઈએ.

૮. ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ચાલતી પ્રવૃત્તિનું વખતોવખત અભ્યાસ કરી મૂલ્યાંકન કરવું જોઈએ અને જે ઉદ્યોગોમાં રોજગારીની ક્ષમતા વધારે હોય તેવા ઉદ્યોગો પાછળ વધુ ધ્યાન આપવું જોઈએ.

૯. ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ચાલતા ઉદ્યોગો માટે વ્યવસ્થિત રીતે તાલીમ આપવી જોઈએ. કારણ કે ઘણી વાર ઉદ્યોગનું તકનિકી જ્ઞાન નહીં હોવાને કારણે નિષ્ફળતા મળે છે. સાથેસાથ જે તે ઉદ્યોગની તાલીમ આપ્યા પછી તાલીમ લેનાર વ્યક્તિ તે ઉદ્યોગમાં જોડાય છે કે કેમ તે જાણવું જરૂરી છે. આમ તાલીમ પછી અનુસરણ થવું જોઈએ, જેથી કરીને તાલીમની સાર્થકતા પુરવાર થાય. જુદા જુદા ઉદ્યોગમાં અપાતી તાલીમ માટે લોકો વધુ ને વધુ આકર્ષાય તે માટે શિષ્યવૃત્તિનું ધોરણ પણ ઊંચું રાખવું જોઈએ.

૧૦. હાલમાં જે લોકો અંબર ચરખા પર કાંતે છે તેમને આંટી દીઠ રૂ. ૦.૪૫ આપવામાં આવે છે. આંટીનો ભાવ તેમને વખતોવખત વધુ મળે તે રીતે ભાવ નક્કી કરવા જોઈએ, જેથી લોકોનો આ પ્રકારનું કામ કરવા માટે ઉત્સાહ વધે.

૧૧. ખાદી અને ગ્રામોદ્યોગનું વેચાણ સારી રીતે ચાલે તે માટે વ્યવસ્થિત બજાર ઊભું કરવું જોઈએ. અને તેનું વેચાણ વધુ ને વધુ પ્રમાણમાં થાય તેનો પ્રચાર કરવો જોઈએ.



૧૨. જે ગામોમાં ખાદી અને ગ્રામોદ્યોગનું કામ ચાલતું હોય ત્યાં કાચો માલ અને બનાવેલો માલ આપવા લઈ જવાની મુશ્કેલી ઓછી પડે તે માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરવું જોઈએ, જેથી કામ કરનારને કામ કરવાનું સરળ રહે.

૧૩. જે સહકારી મંડળીઓ કે સંસ્થાઓ ગ્રામોદ્યોગોનું ઉત્પાદન કરતી હોય તેની કાર્યક્ષમતા જળવાઈ રહે તે માટે બોર્ડ દ્વારા સતત દેખરેખ રખાવી જોઈએ. ઘણી વાર ઓછી ગુણવત્તાને કારણે બજારમાં માલ ટકી શકતો નથી. આવું ખાસ કરીને ઈંટ-ઉદ્યોગમાં જોવા મળે છે.

૧૪. ઘણું કરીને આદિવાસીઓ અને અનુસૂચિત કોમના લોકો વાંસમાંથી ટોપલા વગેરે બનાવી રોજી મેળવતા હોય છે. તેમને વાંસ જે તે એજન્સી દ્વારા જોઈતા પ્રમાણમાં મળી રહે તે માટે સજાગ રહેવું જોઈએ.

૧૫. ગામડાંઓમાં વ્યક્તિગત ધોરણે ચાલતા ચરખા માટે સમારકામ સહાયની જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ આવી સહાય તેમને મળતી નથી. લાભાર્થીને આવી સહાય સમયસર મળે તે માટે ખાદી બોર્ડે ધ્યાન આપવું જોઈએ.

૧૬. હાથ કાગળઉદ્યોગ વિશેના અભ્યાસો પરથી એવું ફલિત થયું છે કે સ્વયં રોજગારી માટે આ ઉદ્યોગ ઉપયોગી છે. ગુજરાતમાં આ ઉદ્યોગ સારી રીતે વિકાસ પામ્યો છે અને વિકાસની તકો જોતાં આ ઉદ્યોગ વિકસી શકે એમ છે. આથી જે વ્યક્તિ સ્વયંરોજગારીના આશયથી આ ઉદ્યોગ શરૂ કરે તેમને વધુ ને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

૧૭. માટીકામ પણ સ્વયં રોજગારી માટે સારો એવો ઉદ્યોગ છે. માટીકામ કરતા કારીગરોની સહકારી મંડળી રચી તેમને વધુ ને વધુ રોજગારી આપવાના પ્રયત્નો કરવા જોઈએ. સહકારી મંડળી દ્વારા ઉદ્યોગ ચલાવવાથી શોષણ અટકે છે. આવા ઉદ્યોગમાં રોકાયેલ કારીગરોનો માલ વેપારીઓ વ્યક્તિગત ધોરણે ઘણા ઓછા ભાવે લઈ જતા હોય છે. આથી તેમને

તેમના માલના વાજબી ભાવ મળી રહે તેની પાકી વ્યવસ્થા કરવી જોઈએ.

૧૮. ચર્મોદ્યોગ ગામડામાં વિશેષ પ્રમાણમાં છે. ચામડાનો ઉદ્યોગ ગામડામાં વૈજ્ઞાનિક ઢબે વિકસાવવાની જરૂર છે. ચર્મોદ્યોગનો લાભ મોટે ભાગે શહેરોમાં આપવામાં આવે છે. આવો લાભ ગામડાના લોકોને વધુ આપવો જોઈએ. સાથોસાથ ચર્મોદ્યોગની યોજનાનો લાભ જે ચર્મોદ્યોગ કરતી હોય અથવા તે અંગેની તાલીમ લીધી હોય અને ધંધો શરૂ કરવા માંગતી હોય તેવી વ્યક્તિઓને જ આપવો જોઈએ. ચર્મોદ્યોગને સાચા અર્થમાં વિકસાવવો હોય તો જેમ ગામેગામ) દૂધ-સહકારી મંડળીઓનો ફેલાવો થયો છે તેવી જ રીતે પશુધનની વસ્તીને આધારે પાંચ ગામ વચ્ચે કુટિર ઉદ્યોગની કચેરી દ્વારા સંયુક્ત કેન્દ્રો ઊભાં કરવાં જોઈએ. ગુજરાતનાં નાનાં ગામડાંથી માંડી મોટાં શહેરોમાં ચર્મોદ્યોગ ચાલે છે પરંતુ તે અંગેનું સુસંગઠિત આયોજન થતું નથી. આવું આયોજન યોગ્ય રીતે ગોઠવાય તે માટેનાં પગલાં લેવાં જોઈએ. ગુજરાતમાં ચર્મોદ્યોગ કંઈક વિકસ્યો છે અને તેના વિકાસની ઘણી શકયતા રહેલી છે ચર્મોદ્યોગ સહકારી મંડળીઓ દ્વારા ચાલે છે. ગુજરાતમાં બારડોલી, ઈડર અને બદરખા એ ત્રણ મુખ્ય કેન્દ્રો છે. આ ત્રણે કેન્દ્રો સારી પ્રગતિ કરે છે. આ કેન્દ્રોમાં ટેકનોલૉજી અને વ્યવસ્થાપનના ક્ષેત્રે સારી ગતિશીલતા દેખાય છે. આને કારણે એકમો સતત પ્રગતિ કરે છે.

૧૯. ખાદીઉદ્યોગના વિકાસમાં મદદ થઈ શકે તે માટે ટેકનોલૉજી ઉપરાંત ખાદીઉદ્યોગની જુદી જુદી પ્રક્રિયામાં સારું સંકલન થવું જોઈએ તેમ જ ખાદીઉદ્યોગનું એકંદર સંચાલન વધુ સારી રીતે થવું જોઈએ.

૨૦. એક વાત સ્પષ્ટ રીતે પુરવાર થઈ ગઈ છે કે ખાદી ગ્રામોદ્યોગ દ્વારા સ્ત્રીઓની રોજગારીમાં વધારો થયો છે. પરંતુ આ વધારો ઘણો ઓછો છે. આથી બોર્ડે સ્ત્રીઓની રોજગારી અંગે વિશેષ પ્રયત્નો કરવા જોઈએ અને તેમને વધુ ને વધુ



લાભ મળે એ રીતે વ્યવસ્થાતંત્ર ગોઠવવું જોઈએ. સ્ત્રીઓની રોજગારીની પરિસ્થિતિ સુધરે તે માટે કેટલાંક સીધાં પગલાં લેવાં જોઈએ. સ્ત્રીઓની રોજગારી માટેના અલગ લક્ષ્યાંકો નક્કી કરવા જોઈએ. ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ચાલતા ઘણા ઉદ્યોગોમાં સ્ત્રીઓ મજૂરો તરીકે કામ કરે છે. તેઓ માત્ર મજૂર તરીકે કામ કરે એ પૂરતુ નથી. તેમને સંચાલનમાં ભાગીદાર બનાવવી જોઈએ અને જુદા જુદા નિર્ણયો કરવામાં સામેલ કરવી જોઈએ. આ માટે બોર્ડે જુદી જુદી સંસ્થાઓને સ્ત્રીઓને સંચાલનમાં જોડવાની ફરજ પાડવી જોઈએ. આ વ્યવસ્થાનું વખતોવખત મૂલ્યાંકન થવું જોઈએ.

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઈ નાયકે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે કામોમાં ખૂબ જ વ્યસ્ત અને તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં અમારા આમંત્રણને માન આપીને ઉદ્ઘાટન સમારંભમાં હાજરી આપી તેમ જ કુલનાયકશ્રીએ અનેક કામોમાં વ્યસ્ત હોવા છતાં અધ્યક્ષસ્થાન શોભાવ્યું અને પરિસંવાદમાં હાજરી આપી સૌને પ્રોત્સાહિત કર્યાં. તેથી તેમણે બંને મહાનુભાવોનો ઘણો આભાર માન્યો હતો. ખાદી કમિશન, મુંબઈ એ પરિસંવાદ માટે નાણાકીય સહાય કરી. પરિસંવાદમાં પોતાના વિચારો વ્યક્ત કરતા લેખો મોકલાવી તેમ જ એ દિવસ હાજર રહી જીવંત ચર્ચા કરવા માટે ઉપસ્થિત રહેલ સૌ તજજ્ઞો તથા કમિશન અને બોર્ડના અધિકારીઓ તથા આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્રના સહકાર્યકરો જેઓ આ પરિસંવાદમાં સહાયભૂત થયા હતા તે સૌનો પણ તેમણે આભાર માન્યો હતો.

## ૪. પરિસંવાદમાં રજૂ થયેલા અભ્યાસલેખો

| | | |
|---|---|---|
| ૧. | ખાદી ગ્રામોદ્યોગ વિશે એક નોંધ | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ |
| ૨. | ગરીબીનિવારણમાં ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનનો ફાળો : યથાસ્થિતિ અહેવાલ | મુસ્તાઅલી મસવી |
| ૩. | ખાદી ગ્રામોદ્યોગ કાર્યક્રમોનો ગરીબી-નિવારણમાં ફાળો | ડૉ. અંબાલાલ પટેલ |
| ૪. | ખાદી ગ્રામોદ્યોગ કાર્યક્રમોનો ગરીબી નાબૂદીમાં ફાળો | શ્રી દિનુભાઈ પારેખ |
| ૫. | ગુજરાત રાજ્યમાં ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની કામગીરીનાં કેટલાંક પાસાં | ચંદ્રકાન્ત ઉપાધ્યાય |
| ૬. | ગ્રામોદ્યોગમાં નિયોજનની સમસ્યા | શ્રીમતી કોકિલા શાહ |
| ૭. | હાથકાગળ ઉદ્યોગ – એક અભ્યાસ | શ્રીમતી ભારતીબહેન દેસાઈ |
| ૮. | હાથસાળ યોજના | હર્ષિદા દવે |
| ૯. | ગોબર ગૅસ અને ગ્રામવિકાસ | ડૉ. અંબાલાલ પટેલ |
| ૧૦. | એક મહિલા ગૃહઉદ્યોગ (લિજ્જત ઉદ્યોગ) | નિરંજના પટેલ |
| ૧૧. | ચર્મોદ્યોગ | હસમુખ પરમાર |
| ૧૨. | માટીકામ સહકારી મંડળીનો અભ્યાસ | કાન્તિલાલ મકવાણા |
| ૧૩. | આદિવાસી વિસ્તારમાં ખાદી ગ્રામોદ્યોગ યોજનાઓની કામગીરીનો મૂલ્યાંકન અભ્યાસ | અરુણ પટેલ |
| ૧૪. | ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ધરમપુરના તલાટ વિસ્તારના આદિવાસીઓની ગરીબી દૂર કરવા અંગે કેટલાંક સૂચ- | ગિરીશ ભટ્ટ |
| ૧૫. | ગ્રામસમુદાયમાં બેરોજગારી-નિવારણમાં ગ્રામોદ્યોગનું મહત્ત્વ | પ્રા. અરવિંદ શાહ |
| 16. | Khadi and Village industries in Gujarat—Role of Employment Generation and Poverty Alleviation | Gokul O. Parikh |



## ૫. પ્રતિનિધિઓ

| ક્રમાંક | નામ | સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧. | શ્રી અરવિંદ ર. શાહ | રીડર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૨. | શ્રી રમેશભાઈ દવે | નિયામક, ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ |
| ૩. | શ્રી રાજદેવ તીવારી | ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન મુંબઈ |
| ૪. | શ્રી ન. મ. કદમ | ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન મુંબઈ |
| ૫. | શ્રી નંદિનીબહેન જોષી | ઉન્નતિ ટ્રસ્ટ, અમદાવાદ |
| ૬. | ડૉ. અંબાલાલ મો. પટેલ | અધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, મ. દે. મહાવિદ્યાલય, સાદરા |
| ૭. | ડૉ. ક. ર. પીછોલિયા | ઇન્ડિયન ઇન્સ્ટિટચ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, અમદાવાદ |
| ૮. | શ્રી નવલભાઈ શાહ | ખાદી ગ્રામોદ્યોગ સમિતિ, ગુંદી |
| ૯. | શ્રી દિનુભાઈ પારેખ | વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડ |
| ૧૦. | શ્રી ફરીદા આણુવાલા | એમ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૧૧. | શ્રી ચંદ્રિકાબહેન રાવલ | એમ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કોલેજ, અમદાવાદ |
| ૧૨. | શ્રી ગોકુલભાઈ પરીખ | અધ્યાપક, સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક ઍન્ડ સોશ્યલ રીસર્ચ અમદાવાદ |

| ક્રમ | નામ | સંસ્થાનું નામ |
|---|---|---|
| ૧૩. | શ્રી રમણભાઈ મોદી | અધ્યાપક, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ |
| ૧૪. | શ્રી મગનભાઈ જો. પટેલ | અધ્યાપક, ગાંધી વિચાર દર્શન, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૫. | શ્રી દશરથલાલ શાહ | અધ્યાપક, હિન્દી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૬. | શ્રી સુમન મજમુદાર | શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૭. | શ્રી પ્રવીણ ર. પંડયા | અધ્યાપક, સમાજકાર્ય વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ |
| ૧૮. | શ્રી ડૉ. ઠાકોરભાઈ નાયક | નિયામક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ |
| ૧૯. | ડૉ. સિદ્ધરાજ સોલંકી | નાયબ નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |



| | | |
|---|---|---|
| ૨૦. | શ્રી રાસબિહારીલાલ | સંશોધન અધિકારી, આદિવાસી કેન્દ્ર |
| ૨૧. | શ્રી મુસ્તાઅલી ઈ. મસવી | સંશોધન અધિકારી ,, |
| ૨૨. | શ્રી ગિરીશ પંડયા | સંશોધન અધિકારી ,, |
| ૨૩. | શ્રીમતી ભારતીબહેન દેસાઈ | આયોજન અધિકારી ,, |
| ૨૪. | શ્રીમતી કોકિલાબહેન શાહ | સંશોધન અધિકારી ,, |
| ૨૫ | શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય | સંશોધન અધિકારી ,, |
| ૨૬. | શ્રી હસમુખભાઈ પરમાર | સંશોધન અધિકારી ,, |
| ૨૭. | શ્રી લોકનાથ સોની | સંશોધન અધિકારી એન્થ્રોપોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા |
| ૨૮. | શ્રી ભીખાભાઈ પટેલ | સંશોધન મદદનીશ આદિવાસી કેન્દ્ર |
| ૨૯. | શ્રી અરુણભાઈ ભા. પટેલ | આંકડાકીય મદદનીશ ,, |
| ૩૦. | શ્રી જશવંતસિંહ રાઠોડ | સંશોધન મદદનીશ ,, |
| ૩૧. | શ્રી ચંદ્રકાન્ત પટેલ | સંશોધન મદદનીશ ,, |
| ૩૨. | શ્રી દિલીપભાઈ પરમાર | સંશોધન મદદનીશ ,, |
| ૩૩. | શ્રી સાયમન મેકવાન | સંશોધન મદદનીશ ,, |
| ૩૪. | શ્રી કાન્તિભાઈ મકવાણા | સંશોધન મદદનીશ ,, |
| ૩૫. | શ્રી ગિરિશભાઈ ભટ્ટ | સંશોધન મદદનીશ ,, |
| ૩૬. | શ્રીમતી હર્ષિદાબહેન દવે | સંશોધન મદદનીશ ,, |
| ૩૭. | શ્રીમતી નિરંજના પટેલ | સંશોધન મદદનીશ ,, |
| ૩૮. | શ્રી છોટુભાઈ ડી. પટેલ | સંશોધન મદદનીશ ,, |
| ૩૯. | શ્રી નર્મદાબહેન ઠક્કર | વિદ્યાર્થી ગૂજરાત વિદ્યાપીઠ ,, |
| ૪૦. | શ્રી ગુણવંતભાઈ પટેલ | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૧. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૨ | શ્રી કેશવભાઈ રાઠવા | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૩. | શ્રી હરીશભાઈ બ. પારેખ | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૪. | શ્રી શંકરભાઈ જ. જાદવ | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૫. | શ્રી દિનેશકુમાર સ. જીડીયા | ,, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૪૬. | શ્રી ટ. ક. વૈષ્ણવ | ,, ગૂજરાત વિદ્યાપીઠ |

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનાં ગુજરાતી પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|---|
| ૧. | આદિવાસીઓના પ્રશ્નો | સં. વિમલ શાહ | ૪.૦૦ |
| ૨. | ભીલી-ગુજરાતી શબ્દાવલી | શાન્તિભાઈ આચાર્ય | ૧.૫૦ |
| ૩. | ગુજરાતના આદિવાસીઓ | વિમલ શાહ | ૮.૦૦ |
| ૪. | ગુજરાતના દૂબળાઓ<br>અનુ. પી.સી. શાહ | પી. જી. શાહ<br>સંક્ષેપ : બિન્દુબહેન શાહ | ૩.૫૦ |
| ૫. | સમૂહ શ્રાદ્ધ | વિમલ શાહ, રમેશ શ્રોફ, હકુ શાહ | ૧૦.૦૦ |
| ૬. | ગુજરાતી-ભીલી વાતચીત | શાન્તિભાઈ આચાર્ય | ૨.૦૦ |
| ૭. | ચોધરીઓ અને ચોધરી શબ્દાવલી | શાન્તિભાઈ આચાર્ય | ૮.૦૦ |
| ૮. | દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણીકાર્ય | ડૉ. એબરહાર્ડ ફિશર અને હકુ શાહ | ૪.૦૦ |
| ૯. | દૂબળાનાં લોકગીતો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૦. | પછાતવર્ગો વિશે બે મનનો | સંપા. ઠા. ભા. નાયક સહસંપા. સિદ્ધરાજ સોલંકી | ૨૦.૦૦ |
| ૧૧. | સગાઈનો અભ્યાસ : કેટલાક સૂઝાવો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૨. | પશુપાલનનો સમાજ-માનવ-શાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી અને અન્ય | ૧૮.૦૦ |
| ૧૩. | સંથાલ આદિવાસીઓ | મૂ. લે. : ચારુલાલ મુખરજી<br>અનુ : પુરુષોત્તમ શાહ | ૧૫.૦૦ |
| ૧૪. | ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી આયોજન | આર. બી. લાલ<br>ભારતી દેસાઈ | ૩૦,૦૦ |
| ૧૫. | આદિવાસી લોકસંગીત | સ્વરાંકન : રાવજીભાઈ પટેલ અને અન્ય | ૯.૦૦ |
| ૧૬. | બાળઉછેરનો સમાજમાનવ-શાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી અને આશા સોલંકી | ૭.૦૦ |
| ૧૭. | ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા | મુસ્તાલી મસવી | ૩.૫૦ |
| ૧૮. | ગુજરાતીના આદિવાસી લઘુ વિસ્તારોનું આયોજન | ડૉ. ઠા. ભા. નાયક | ૬.૦૦ |